# મહારાષ્ટ્ર કરતાં ગુજરાતમાં સસ્તું મળી રહ્યું છે પેટ્રોલ

**મહારાષ્ટ્ર માંથી લોકો ગુજરાતમાં આવી રહ્યા છે : ગુજરાતને અડીને આવેલા મહારાષ્ટ્રમાંથી ઘણા વાહન ચાલકો અહીં પેટ્રોલ અને ડીઝલ પુરાવવા આવે છે**

અમદાવાદ, તા.૨૪

મહારાષ્ટ્ર કરતાં ગુજરાતમાં પેટ્રોલ-ડીઝલની કિંમત ઓછી હોવાથી મહારાષ્ટ્રના સરહદી વિસ્તારના લોકો અહીં ઈંધણ પુરાવવા આવે છે. વલસાડના એક પેટ્રોલ પંપના માલિકે ન્યૂઝ એજન્સી એએનઆઈને જણાવ્યું, મહારાષ્ટ્ર બોર્ડર અહીંથી ૨ કિમી દૂર છે. લોકો અમારા પંપ પરથી ઈંધણ ખરીદે છે. કારણ કે મહારાષ્ટ્ર કરતાં અહીં પેટ્રોલમાં રૂ. ૧૪/લિટર અને ડીઝલમાં રૂ. ૩.૫/લિટરનો તફાવત છે.

મહારાષ્ટ્રના એક ગ્રાહકે જણાવ્યું, હું મારા કામ માટે દરરોજ ગુજરાત-મહારાષ્ટ્ર સરહદ પાર કરું છું અને સામાન્ય રીતે હું આ પંપમાંથી ઈંધણ ખરીદું છું. આ રીતે અમે પેટ્રોલમાં લગભગ રૂ. ૧૪ લિટરની બચત કરીએ છીએ અને દર મહિને આશરે રૂ. ૩૦૦૦ની બચત થાય છે. આ મહિને મોદી સરકારે સત્તામાં ૮ વર્ષ પૂર્ણ કર્યા છે. ૨૦૧૪માં યુપીએ સરકારને હટાવીને મોદી સરકાર સત્તામાં આવી ત્યારે આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રૂડ ઓઈલની કિંમત ૧૧૦ ડોલર પ્રતિ ડોલર હતી. પેટ્રોલ ૭૧.૪૧ રૂપિયા અને ડીઝલ ૫૫.૪૯ રૂપિયા પ્રતિ લીટરમાં ઉપલબ્ધ હતું. મોદી સરકાર સત્તામાં આવ્યા બાદ વૈશ્વિક કારણોસર આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રૂડ ઓઈલના ભાવમાં ઘટાડો થવાની પ્રક્રિયા શરૂ થઈ હતી. જ્યારે મોદી સરકારે સત્તામાં એક વર્ષ પૂર્ણ કર્યું ત્યારે ક્રૂડ ઓઈલના ભાવમાં ૪૧ ટકાનો ઘટાડો થયો હતો અને મે ૨૦૧૬ની બીજી વર્ષગાંઠ દરમિયાન ૫૬ ટકા ક્રૂડ ઓઈલ સસ્તું થઈ ગયું હતું. પરંતુ જ્યારે પેટ્રોલના ભાવમાં માત્ર ૧૧ ટકાનો ઘટાડો થયો ત્યારે ડીઝલ માત્ર ૧૬ ટકા સસ્તું થયું. કોરોના મહામારી દરમિયાન જ્યારે આખી દુનિયા ઘરની અંદર બંધ હતી. ભારતમાં લોકડાઉન હતું. ત્યારબાદ માંગના અભાવે કાચા તેલના ભાવમાં ઘટાડો થયો હતો. મે ૨૦૨૦માં કોરોનાના સમયગાળા દરમિયાન, જ્યારે મોદી સરકાર સત્તામાં ૬ વર્ષ પૂર્ણ કરી રહી હતી, ત્યારે આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રૂડ ઓઈલ પ્રતિ બેરલ ઈ ૩૩ ની નજીક ટ્રેડ કરી રહ્યું હતું. એટલે કે ૨૦૧૪ની સરખામણીમાં આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રૂડ ઓઈલ લગભગ ૭૦ ટકા સસ્તું થઈ ગયું હતું. પરંતુ કેન્દ્રની મોદી સરકાર ૨૦૧૪ની સરખામણીમાં ૨.૫૪ ટકા સસ્તા ભાવે પેટ્રોલ વેચી રહી હતી જ્યારે ડીઝલ ૧૨ ટકા વધુ ભાવે મળી રહ્યું હતું



# કચ્છની કેસર કેરીનું વહેલું આગમન થયું

**ગોંડલ યાર્ડમાં કેસર કેરીના ૨૦ હજાર બોક્સની આવક : બાદ ગોંડલ માર્કેટ યાર્ડમાં થયેલી હરાજીમાં કેસર કેરીના સાડા દસ કિલોના બોક્સના ભાવ રુપિયા ૮૦૦થી ૧૨૦૦ સુધી બોલાયા**



ગોંડલ , તા.૨૪

કેસર કેરીની અઢળક આવતા ગોંડલ માર્કેટ યાર્ડ કેસર કેરીથી ઉભરાયુ છે. આ વખતે ૨૦ હજાર બોક્સની આવક થઈ છે. બીજી તરફ, કચ્છની કેરીનું પણ વહેલુ આગમન થયું છે. છેલ્લાં ચાર પાંચ દિવસથી માર્કેટમાં કચ્છની કેસર કેરીનું આગમન થવા પામ્યું છે. આમ તો દર વર્ષે ઉના-તાલાલા પંથકમાંથી પહેલાં કેસર કેરીનું માર્કેટ યાર્ડમાં આગમન થતુ હોય છે. બાદમાં કચ્છની પ્રખ્યાત કેરીનું આગમ થતુ હોય છે. જો કે, આ વર્ષે ગયા વર્ષે વર્ષ કરતા કચ્છની કેરીનું આગમન થોડુ વહેલુ થયુ છે. આ સાથે ગોંડલ માર્કેટ યાર્ડમાં ઉના, જૂનાગઢ, તાલાલા, કચ્છ પંથકમાંથી કેસર કેરીની રોજીંદી ૨૦ હજાર બોક્સ કેરીની આવક થવા પામી છે.

ગોંડલ માર્કેટ યાર્ડમાં કેરીની આવક થતા હરાજી પણ થઈ હતી. જે બાદ ગોંડલ માર્કેટ યાર્ડમાં થયેલી હરાજીમાં કેસર કેરીના સાડા દસ કિલોના બોક્સના ભાવ રુપિયા ૮૦૦થી ૧૨૦૦ સુધી બોલાયા હતા. જો કે, દર વર્ષ કરતા આ વર્ષે ગોંડલ માર્કેટ યાર્ડમાં કેસર કેરીની આવક ઓછી જોવા મળી છે. તેમ છતાં સૌરાષ્ટ્રમાં કેસર કેરીનું પીઠુ ગણાતા તલાલા કરતા કેસર કેરીની આવક વધુ જોવા મળી છે. સાથે જ કેસર કેરીના ઓછા ઉત્પાદન અને ઓછી આવક વચ્ચે ખેડૂતોને પણ કેસર કેરીનો પોષણક્ષમ ભાવ મળી રહ્યો છે. મેંદરડામાં ફન સિટી માર્કેટ ખાતે વેચાણ માટે કેસર કેરીનો પ્રારંભ થયો છે. ત્યારે પ્રથમ દિવસે ૨૨૮૦ બોક્સની આવક થઈ હતી. સારી ક્વોલિટીની કેસર કેરીના બોક્સ ૧૧૦૦ રુપિયા સુધીમાં વેચાયા હતા. દસ કિલો બોક્સનો ભાવ ૪૦૦થી ૧૧૦૦ રુપિયા સુધી રહ્યો હતો. જો કે, ગયા વર્ષે વાવાઝોડાના કારણે કેસર કેરીના પાકને ભારે નુકસાન થયું હતુ. જેના કારણે ૩૦ ટકા જેટલી કેરીનું ઉત્પાન થયુ છે. જેથી ગયા વર્ષની સરખામણીએ આ વર્ષે ભાવમાં પણ વધારો થયો છે. કુદરતી રીતે પાકતી કેસર કેરી ૨૫ મે પછી જોવા મળશે. અથાણા બનાવવા માટે ગૃહિણીઓ માટે રાજાપુરી કેરી મનપસંદ હોય છે. સૌરાષ્ટ્રની ગૃહિણીઓ રાજાપુરીમાંથી આખા વર્ષનું અથાણુ બનાવતી હોય છે. જો કે, ગયા વર્ષે ત્રાટકેલા તાઉતે વાવાઝોડાના કારણે કેરીના પાકને મોટાપાયે નુકસાન થયુ છે. ગરાળ ગામમાં આવેલા કનુભાઈ ચાવડાની આંબાવાડીમાં ૫૦ વર્ષ જૂના રાજાપુરી આંબામાં દર વર્ષે એક કિલોગ્રામની એક કેરી થતી હોય છે. એક જ રાજાપુરી આંબામાંથી ૧૦૦ મણ કેરીનો ઉતારો આવતો હોય છે. પરંતુ આ વર્ષે રાજાપુરી આંબામાં એક પણ કેરી નથી

# લખનઉ ખાતે ગુજરાત-ઉત્તરપ્રદેશ મૈત્રી દિવસની ભવ્ય ઉજવણી



ગાંધીનગર, તા. ૨૪

ઉત્તરપ્રદેશનાં લખનઉ ખાતે તા.૨૩ મે, ૨૦૨૨ના રોજ ગુજરાત-ઉત્તર પ્રદેશ મૈત્રી દિવસ નિમિત્તે યોજાયેલા કાર્યક્રમમાં ગુજરાતનાં કલાકારો દ્વારા ભવ્ય સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ કરવામાં આવ્યો હતો. લખનઉના સંત ગાડગેજી મહારાજ ઓડિટોરીયમ ખાતે "એક ભારત શ્રેષ્ઠ ભારત" યોજના અંતર્ગત આયોજીત આ કાર્યક્રમમાં ઉત્તર પ્રદેશના મહામહિમ રાજ્યપાલ આનંદીબેન પટેલ ખાસ ઉપસ્થિત રહ્યા હતાં.

ગુજરાત સરકારના રમતગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગના અગ્ર સચિવ અશ્વિની કુમારે બે રાજ્યો વચ્ચે થયેલા એમ.ઓ.યુ. અંગે કહ્યું હતુ કે આ બાબત માત્ર બે રાજ્યો વચ્ચે થયેલો સાંસ્કૃતિક વિષયોનો કરાર નથી પરંતુ આ એમ.ઓ.યુ. એ સાંસ્કૃતિક બાબતોને વધુ વિકસાવવા માટેનો માઈલ સ્ટોન છે. ગુજરાત સ્થાપના દિવસના ઉપલક્ષ્યમાં યોજાયેલ ઉત્તરપ્રદેશ ગુજરાત-મૈત્રી દિવસ કાર્યક્રમમાં ગુજરાતનાં કલાકારો પ્રારંભમાં નર્મદા અષ્ટકમ રજુ કરવામાં આવ્યું હતું ત્યારબાદ આપણા પારંપરિક નૃત્યો જેવા કે ડાંગી નૃત્ય, તલવાર રાસ અને મણિયારો રાસ રજૂઆત કરવામાં આવ્યા હતા. જ્યારે ઉત્તરપ્રદેશના કલાકારો દ્વારા ચરકુલા નૃત્ય, લઠ્ઠ માર, ફુલોની હોળી તથા કરમા નૃત્ય રજુ કરવામાં આવ્યું હતું.

# હાર્દિકે અમારો કે અમે હાર્દિકનો સંપર્ક કર્યો નથી

**ભાજપમાં જોડાવવાની અટકળો વચ્ચે પ્રદીપસિંહ વાઘેલાનું નિવેદન**

અમદાવાદ,તા.૨૪

ગુજરાતમાં ચૂંટણી ટાણે રાજકારણમાં ખોડલધામ ચેરમેન નરેશ પટેલ અને હાર્દિક પટેલના નામની ખૂબ જ બોલબોલા છે. હાર્દિક પટેલે ગુજરાત કોંગ્રેસને બાય બાય કહી દીધું છે, પરંતુ હવે તે કંઈ પાર્ટીમાં જોડાશે તેણે લઈને ગૂંચવાડો ઉભો થઈ રહ્યો છે. હાર્દિકને લઈને ભાજપના અનેક નેતાઓનું વિરોધાભાસી નિવેદન અને ક્યાંક ભાજપમાં જોડાવા અંગેના અહેવાલોમાં સાચું શું તેમાં ગુજરાતની જનતા અટવાઈ છે. ગુજરાતની રાજનીતિમાં પાટીદાર ફેક્ટર કેવા સમીકરણો ઉભા કરે છે અને કઈ પાર્ટીને કયા નેતા લાભ પહોંચાડે તે આવનારો સમય દેખાડશે. પરંતુ આગામી ચુંટણીમાં લઉવા અને કડવા પટેલના મત વહેંચાઈ શકે છે. ત્યારે ગુજરાત પ્રદેશ ભાજપના મહામંત્રી પ્રદીપસિંહ વાઘેલાનું હાર્દિક પટેલ મુદ્દે મહત્વપૂર્ણ નિવેદન આપ્યું છે. પ્રદીપસિંહ વાઘેલાએ જણાવ્યું છે કે, હાર્દિક પટેલે અમારો સંપર્ક કર્યો નથી, એટલે હાલમાં હાર્દિક પટેલના ભાજપમાં જોડાવાનો પ્રશ્ન નથી. હાર્દિક પટેલનો નિર્ણય એમનો વ્યક્તિગત નિર્ણય છે. અમારા સુધી હાર્દિક પટેલના કોઈ સમાચાર આવ્યા નથી. આગામી સમયમાં એમણે પોતે નિર્ણય કરવાનો છે કે ભાજપમાં જોડાવું કે નહીં. પ્રદીપસિંહ વાઘેલાએ વધુમાં ઉમેર્યું હતું કે, હાર્દિક પટેલે આગામી સમયમાં પોતાની જાતે જ નિર્ણય કરવાનો છે કે તેમણે ભાજપમાં જોડાવવું જોઈએ કે નહીં. ભાજપના આ પ્રકારના નિવેદનથી એ સ્પષ્ટ થયુ છે કે, હાર્દિક માટે ભાજપના દ્વાર ખુલ્લા જ છે. હાર્દિક ભાજપમાં સામેલ થાય તો પાર્ટીના કોઈ પણ નેતાને વાંધો નથી.

# વલસાડમાં આખો દિવસ વરસાદ, રાજકોટમાં શરૂઆત

**મેઘરાજા ગુજરાત આવી પહોંચ્યા : સમગ્ર રાજ્યમાં વલસાડ અને તેની આસપાસના વિસ્તાર ઉપરાંત રાજકોટના અનેક વિસ્તારોમાં વરસાદ થયો**

વલસાડ, તા.૨૪

ગુજરાતીઓ ગરમી ખાઈખાઈને થાકી ગયા છે. જેના પગલે હવે મેઘરાજા રાહત આપવા માટે ગુજરાતમાં પણ આવી પહોંચ્યા હોય તેવું લાગી રહ્યું છે. હવામાન વિભાગની આગાહી અનુસાર સમગ્ર રાજ્યમાં વલસાડ અને તેની આસપાસના વિસ્તાર ઉપરાંત રાજકોટના અનેક વિસ્તારોમાં પણ વરસાદ જોવા મળ્યો હતો. ગઈકાલે સોમવારે ભારે પવન ફૂંકાયો હતો. સમગ્ર ગુજરાતમાં વાદળીયું વાતાવરણ થતા ઠંડક છવાઈ ગઈ હતી. આજે વહેલી સવારથી વલસાડમાં ધોધમાર વરસાદ પડ્યો હતો. જ્યારે રાજકોટમાં ઝરમર વરસાદ જોવા મળ્યો હતો. વલસાડ શહેરમાં વહેલી સવારથી જ વરસાદ પડતા વાતાવરણમાં ભારે ઠંડક પ્રસરી હતી. આકાશમાં કાળા ડિબાંગ વાદળો અને ધોધમાર વરસાદને પગલે ગરમીમાંથી રાહત મળી હતી. જો કે આ વરસાદના પગલે બાગાયતી પાકો ખાસ કરીને કેરીના પાકને ખુબ જ નુકસાન પહોંચ્યું હતું. ધોધમાર વરસાદને પગલે રસ્તાઓ પર પાણી ભરાયા હતા. લોકોએ પણ મોસમના પહેલા વરસાદનો આનંદ ઉઠાવ્યો હતો. યુવાનો વરસાદમાં નહાવા માટે બહાર નિકળ્યા હતા.

બીજી તરફ રાજકોટના અનેક વિસ્તારોમાં વરસાદની ઝરમર થતા નાગરિકોને ગરમીમાંથી છુટકારો મળ્યો હતો. જો કે બાદમાં બફારો શરૂ થઈ જતા લોકો અકળાયા હતા. સામાન્ય છાંટા પડ્યા હતા. જો કે આ વરસાદના કારણે બાગાયતી પાકો અને ઉનાળુ ફાકને ભારે નુકસાન પહોંચ્યું હતું.



# AMCએ શરુ કર્યો નવો પાયલટ પ્રોજેક્ટ

**ચાંદખેડા-સાબરમતીમાં દોડાવાઇ અલગ અલગ કચરાની ગાડી : ભીનો અને સૂકો કચરો લેવા માટે અલગ ગાડીઓ દોડાવાઇ**

અમદાવાદ, તા.૨૪

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશને સૂકો કચરો અને ભીનો કચરો લેવા માટે અલગ અલગ ગાડીઓ દોડતી કરી છે. મ્યુનિસિપલ કોર્પોરેશનના સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગે ડોર-ટુ-ડોરની કામગીરી લોકોની આંખે ઊડીને વળગે તે માટે નવો પાઈલટ પ્રોજેક્ટ શરૂ કર્યો છે. શહેરના ચાંદખેડા અને સાબરમતી વોર્ડમાં સૂકા-ભીના કચરાનું ૧૦૦ ટકા સેગ્રીગેશન (અલગ કરવું)ની સિદ્ધિ મેળવનાર જાગૃત લોકોની સોસાયટી છે. તંત્રએ આવી સોસાયટી માટે આ પાઈલટ પ્રોજેક્ટ શરુ કર્યો છે. જેમાં ફક્ત ભીનો કચરો લેવા માટે અલગથી લીલા રંગની કચરાગાડી રોજેરોજ દોડાવાઈ રહી છે જ્યારે સૂકો કચરો લેવા માટે દર આંતરે દિવસે કચરાગાડી દોડે છે. ભીના કચરામાં એંઠવાડ વગેરે આવતું હોવાથી તેનો રોજેરોજ નિકાલ કરવો જરૂરી છે. જ્યારે સૂકો કચરો એકથી વધુ દિવસ ઘરમાં સાચવી શકાતો હોઈ તેમાં આંતરે દિવસે ગાડીનો લાભ ચાંદખેડા-સાબરમતીની સોસાયટીને મળે છે.મહત્વનું છે કે અત્યારે તંત્ર દ્વારા કચરાગાડીમાં સૂકો કચરો લેવા વાદળી રંગનું ખાનું અને ભીનો કચરો લેવા માટે લીલા રંગનું ખાનું એમ બે અલગ અલગ ખાનાં હોવા છતાં જે રીતે કચરો આડેધડ રીતે એક જ ખાનામાં ઠલવાઈ રહ્યો છે. પરંતુ ચાંદખેડા અને સાબરમતીની ૩૦ સોસાયટીઓમાં સૂકા-ભીના કચરાનું ૧૦૦ ટકા સેગ્રિગેશન થતુ હોવાથી અહીં પાઈલટ પ્રોજેક્ટ શરુ કરવામાં આવ્યો છે.

શહેરના શાસકોએ ૧૬.૫ લાખ ઘરમાં ૩૩ લાખ ડસ્ટબિનનું વિતરણ શરૂ કર્યું છે. તમામ ઘરને દસ લિટરનાં બે ડસ્ટબિન મફતમાં અપાઈ રહ્યાં છે, જેમાં સૂકો કચરો ભરવા માટે વાદળી અને ભીના કચરા માટે લીલા રંગનાં ડસ્ટબિન લોકોને મળી રહ્યાં છે. શાસક પક્ષે આગામી તા. ૧ જૂન સુધીમાં શહેરનાં તમામ ઘરને સૂકો અને ભીનો કચરો અલગ કરવા ૧૦ લિટરનાં બે ડસ્ટબિન આપવાનો લક્ષ્યાંક નક્કી કર્યો છે. આની પાછળ મ્યુનિ. તિજોરીમાંથી રૂ. ૨૫ કરોડથી વધુ ખર્ચાશે. અત્યાર સુધીમાં પાંચ લાખથી વધુ ઘરમાં બે ડસ્ટબિનનું વિતરણ થઈ ચૂક્યું છે. શાસકોએ ભલે લોકો સૂકો અને ભીનો કચરો જુદો કરીને આપે તે દિશામાં બીડું ઝડપ્યું છે, તેમ છતાં તેમાં હજુ અસરકારક પરિણામ મળ્યું નથી.

બીજી તરફ ડોર-ટુ-ડોરની કામગીરીમાં અનેક ધાંધિયાં રોજેરોજ જોવા મળે છે. આજે પણ કોન્ટ્રાક્ટરની કચરાગાડીમાં મહદઅંશે સૂકો-ભીનો કચરો સાથે લઈ જવાતો હોઈ તેની પાછળ દર વર્ષે કરોડો રૂપિયા ખર્ચાતા હોવા છતાં સમગ્ર ડોર-ટુ-ડોરની કામગીરી એક પ્રકારે નિષ્ફળ પુરવાર થઈ રહી છે. ત્યારે હવે ચાંદખેડા અને સાબરમતીમાં પાયલટ પ્રોજેક્ટ ૧૫ દિવસ માટે શરુ કરાયો છે જેને સફળતા મળે તો આગામી દિવસોમાં આખા શહેરમાં આ રીતે કચરો લેવાની કામગીરી શરુ કરવામાં આવી શકે છે

## પાણીની બૂમ

**● અનુસંધાન છેલ્લાનું ચાલુ**

આધારિત સપ્લાય આપવામાં આવે છે. જેના લીધે પણ ઘણાં ઠેકાણે પ્રશ્નો ઉભા થાય છે. પરંતુ ધોમધખતા ઉનાળે છાશવારે પાણીના સપ્લાયમાં થતી વધઘટ પણ રહીશો માટે મુંઝવણરૂપ બની છે. નવા સેકટરોમાં પાણીનો સપ્લાય વધારવામાં આવે તે માટે પણ સ્થાનિકોએ પ્રબળ માંગ કરી છે. છેલ્લા ત્રણ દિવસથી પાણી ફોર્સથી આવતુ નથી જયારે પુરતા સમયથી વહેલુ બંધ થઈ જતુ હોવાનુ પણ સ્થાનિકો જણાંવી રહ્યા છે. જેના લીધે રોજબરોજ સેકટરોમાં ઉઠતી પાણીની પોકાર સ્થાનિકો માટે રોષનુ કારણ બની છે.

## ૮ બ્લોક

**● અનુસંધાન છેલ્લાનું ચાલુ**

ફાયર સેફટી સિસ્ટમ સહીતની બાબતો અંગે પણ વિશેષ કાળજી કરવામાં આવશે. દાયકાઓના અંતે જુના સચિવાલયની કાયાપલટ કરવા માટે યોજના તૈયાર કરી દેવામાં આવી છે. તબક્કવાર ખર્ચની જોગવાઈ મુજબ નવા બ્લોક બાંધવાનુ કામ પણ હાથ ધરાશે જયારે આ દરમિયાન કામગીરી પણ પ્રભાવિત ન થાય તે મુજબ બે બ્લોક તૈયાર કરી કચેરી ત્યાં સીફટ કરીને જ અન્ય બ્લોકનુ કામ શરૂ કરાશે.

## પાર્કીંગ મુદ્દે

**● અનુસંધાન છેલ્લાનું ચાલુ**

છે. જે તે સમયે વાહન પાર્કીગ માટે પણ કોઈ વ્યવસ્થા કરવામાં આવી નથી કચેરીના કર્મચારીઓના વાહનો પણ પાર્ક કરી શકાય તેટલી જગ્યા પણ મળતી નથી. એકબાજુ શહેરના કોર્મશિયલ વિસ્તારમાં પણ આવી જ સ્થિતિ છે. ત્યારે વાહન પાર્કીગની સેન્સ આમ નાગરિકોમાં પણ જોવા મળતી નથી જેની પાછળ જગ્યાનો અભાવ મુખ્ય પરિબળ છે. શહેરની સરકારી કચેરીઓ પણ પાર્કીગની સમસ્યાની ગિરફતમાં છે. આ સ્થિતિ વચ્ચે પાર્કીગ સુવ્યવસ્થિત થાય તે અનિવાર્ય છે. આ સ્થિતિ નિવારવા માટે સંબંધિત સરકારી કચેરીઓમાં અન્ડર ગ્રાઉન્ડ પાર્કીગની સુવિધા પણ ઉભી કરવામાં આવે તે અનિવાર્ય છે. જયારે આ વિસ્તારમાં નિર્માણ કરાયેલા અગાઉના પાર્કીગ પ્લેસ પર દબાણો અસ્તિત્વમાં આવી ગયા છે. જેના લીધે પાર્કીગને અનુલક્ષી રહીસહી વ્યવસ્થા પણ ખોરવાઈ ગઈ છે. જયારે આ વિસ્તારમાં પાર્કીગની સમસ્યાને ડામવા માટે લાંબા સમયથી કોઈ આયોજન કરાયુ નથી જયારે હવે પાટનગર યોજના વિભાગ કક્ષાએથી આ વિસ્તારમાં એક વિશાળ જગ્યામાં પાર્કીગ તૈયાર કરવામાં આવી રહ્યુ છે. જયારે કોર્ટ બિલ્ડીંગની પાછળના ભાગે અંદાજિત ૨૦૦ ટુ વ્હીલર તેમજ ફોર વ્હીલર પાર્ક થઈ શકે તેવી પેટર્ન પર પાર્કીગ તૈયાર કરવામાં આવી રહ્યુ છે. પાર્કીગ નિર્માણનુ કામ પુર્ણ થયા બાદ આ વિસ્તારમાં પાર્કીગની સમસ્યા થોડી હળવી થશે હાલની તો આ કચેરીઓની મુલાકાત કરવા માટે મુલાકાતીઓએ આજા ફસાજાની સ્થિતિમાં મુકાવવુ પડે છે.

## પાથેય

**● અનુસંધાન ચોથાનું ચાલુ...**

હણહણાટી જીવનને હંમેશાં ગતિશીલ રાખે છે... માણસને જીવવાનું પ્રેરકબળ કયું..? બુધ્ધિ.. સંપતિ.. આંતરિક વૈભવ..? ચોતરફ ચતુરાઇ,દાવપેચ, દખલગીરી અને ગરબડનું ગગન હોય ત્યાં ભાવનાશીલતાનું બાળમરણ થઈ જાય છે.. બુધ્ધિને આપણે લાગણીના લયથી નહી પરંતુ માગણીના મહાલયથી સજાવીએ છીએ.

વ્યથાને જયારે પ્રાર્થનાનો પરિચય થાય છે.. ત્યારે આસ્થાનું તોરણ બંધાય છે... નિબીડતા વચ્ચે આશાનું મોંસુઝણું થાય છે..આપણી શિથિલતાને અજબ ગતિ મળે છે... કોઈપણ પ્રકારના ભૌતિક સહારા વગર માત્ર શ્રધ્ધાની દિવાદાંડીએ સફર કરી અફાટ જળરાશીને ભેદવાના ચમત્કારો આજે પણ બને છે... હૈયામાં હામ હોય તો સામે મુકામ છે..તિતિક્ષાનો તંતુ હાઇ વૉલ્ટેજ તાર કરતાં પણ વધારે ઉર્જા ધરાવે છે... બાહય જગતના આવરણોને ઉવેખી આપણે શ્રધ્ધા ને સંકોરતા નથી અને એટલે જ કદાચ એક અજાયબ આંતરજગતના અલૌકિક ઝળહળાટને પામી શકતા નથી...

# કે. રાજેશની CBIના સમન્સ સામે સોમવારે ગેરહાજરી

**રાજેશને CBI દ્વારા ફરાર જાહેર કરીને ધરપકડ કરાશે? : તપાસમાં બહાર આવ્યું છે કે IAS રાજેશ દ્વારા બંદૂકના લાઈસન્સ માટે રૂપિયા પાંચ લાખની માગણી કરવામાં આવી હતી**

અમદાવાદ,તા.૨૪

IAS અને IPS સહિતના ઉચ્ચ પદ પર બેસીને દેશની સેવા કરવાના અભરખા દેશના યુવાનોમાં હોય છે પરંતુ ગુજરાતના ૨૦૧૧ની બેચના IAS અધિકારી અને સુરેન્દ્રનગરના પૂર્વ કલેક્ટર અને રાજ્ય સરકારમાં મહત્વની જવાબદારી ભજવનારા IAS કે. રાજેશ દ્વારા પોતાના પદનો દુરોપયોગ કરીને લાંચ લેતા અધિકારી સામે પગલા ભરવામાં આવ્યા છે. જોકે, સોમવારે રાજેશે સમન્સ છતાં CBI સમક્ષ હાજર નહોતા રહ્યા. હવે તેમને ફરાર જાહેર કરીને ધરપકડ કરવામાં આવી શકે છે. કે રાજેશના અમદાવાદ, સુરત અને આંધ્રપ્રદેશના ઘરોમાં દરોડા પાડવામાં આવ્યા હતા. ઉચ્ચ અધિકારી બન્યા પછી રાજેશે આર્મ લાઈસન્સ, જમીન ફાળવણી, સરકારી જમીન પર ગેરકાયેદસર દબાણ સહિતની બાબતોમાં લાંચ લીધી હોવાના ગુનામાં ફરિયાદ નોંધી છે. રાજેશના સાગરિત અને સુરતની ખાનગી કંપનીના માલિક તથા વચેટિયાની ભૂમિકા ભજવનારા સુરતના રફીક મેમણ સામે પણ CBI દ્વારા કાર્યવાહી કરીને ધરપકડ કરી લેવામાં આવી છે. સોમવારે લાંચ અને સરકારી નોકરીનો દુરોપયોગ કરનારા કે રાજેશને CBI સમક્ષ હાજર રહેવા માટે સમન્સ પાઠવવામાં આવ્યું હતું. આમ છતાં તેઓ હાજર થયા નહોતા. રિપોર્ટ્સ મુજબ CBI સૂત્રોનું માનીએ CBI ત્રણ સમન્સ પાઠવે છે અને પછી આરોપીને ફરાર જાહેર કરીને ધરપકડ કરવામાં આવે છે. તપાસમાં બહાર આવ્યું છે કે IAS રાજેશ દ્વારા બંદૂકના લાઈસન્સ માટે રૂપિયા ૫ લાખની માગણી કરવામાં આવી હતી. જેમાં ત્રણ લાખ રોકડા લીધા હતા અને બાકીના રૂપિયા કે રાજેશની સૂચનાથી મેસર્સ જીન્સ કોર્ન, સુરત બેંક ખાતામાં જમા કરાવી હતી, જે રફીક મેમણની માલિકીની છે. જિલ્લા પોલીસ વડા દ્વારા ૧૦૦ બંદૂક લાઈસન્સ અંગે નેગેટિવ ઓપિનિયન આપવા છતાં તેને ઉપરવટ જઈને કે. રાજેશ દ્વારા લાઈસન્સ મંજૂર કરવામાં આવ્યા હતા. મળતી વિગતો પ્રમાણે રાજેશ સુરેન્દ્રનગરના કલેક્ટર રહ્યા દરમિયાન ૨૭૧ બંદૂકના લાઈસન્સ ઈશ્યુ કર્યા છે. ઉચ્ચ પદનો દુરોપયોગ કરીને હથિયારના લાઈસન્સ ઈશ્યુ કર્યાના કેસમાં પણ પૂછપરછ દરમિયાન મોટા ખુલાસા થવાની સંભાવના છે. રિપોર્ટ્સ મુજબ સુરત શહેરના ઉતરણમાં નવા બનેલા કોમર્શિયલ કોમ્પ્લેક્સ સિલ્વર બિઝનેસ પોઈન્ટમાં ૧૦૦૧ અને ૧૦૩૮ નંબરની બે દુકાનો આવેલી છે, આ દુકાનો બે પેઢીઓને ભાડે આપવામાં આવી હતી પરંતુ તેમાં ક્યારેય વ્યવસાય ચલાવવામાં આવ્યો નહોતો, તેમણ છતાં રાજેશના ખાતામાં ૫.૫ લાખ રૂપિયા જમા કરાવવામાં આવ્યા હતા.

# ભચાઉ નારણસરી ગામે નદીમાંથી ૧.૮૦ કરોડની ખનીજ ચોરી ઝડપાઈ

**સ્ટેટ મોનીટરીંગ સેલના બાતમીના આધારે દરોડા : એસએમસીની રેડને પગલે ખનીજ ચોરો અને માફિયાઓ પોતપોતાના વાહનો મૂકી ફરાર થઇ ગયા હતા**



અમદાવાદ, તા.૨૪

એસએમસી (સ્ટેટ મોનીટરીંગ સેલ)એ બાતમી આધારે કચ્છ ભચાઉના નારણસરી ગામે થતી ખનીજચોરી રોકવા રેડ કરાઈ હતી. પોલીસે ખનીજ માફિયાઓ દ્વારા રેતી ચોરી માટે લવાયેલા બે હિટાચી મશિન, બે ટ્રક અને બે ડમ્પર તેમજ ચોરીની રેતી મળી કુલ રૂ.૧,૮૦,૩૯,૪૫૭નો મુદ્દામાલ કબ્જે લેવાયો હતો.

સ્ટેટ મોનીટરીંગ સેલના એસપી રાયને બાતમી મળી હતી કે, ભચાઉના નારણસરી ગામે આવેલી નદીમાંથી મોટા પાયે રેતી ચોરી થઈ રહી છે. બાતમી આધારે તેઓએ ટિમને સૂચના આપતા રેડ કરાઈ હતી. જોકે એસએમસીની રેડને પગલે ખનીજ ચોરો અને માફિયાઓ પોતપોતાના વાહનો મૂકી ફરાર થઈ ગયા હતા. પોલીસે સ્થળ પરથી વાહનો ઉપરાંત ચોરી કરેલી રૂ.૩૯૪૫૭ની મત્તાની કુલ ૧૧૬.૫ મેટ્રિક ટન રેતી કબ્જે કરી હતી. એસએમસીએ પૂર્વ કચ્છના લાકડીયા પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાવી તપાસ હાથ ધરી છે.